અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંચાલિત પૂર્વ વિસ્તારની
પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યો.નું સંચાકન સ્ત્રી શક્તિ
સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા)કોન્ટ્રાકટની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૩૨૦૦૫/૫૧૮/પાફા-૨/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮ /૦૭/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૫/૨૦૦૬,તા.૫/૬/૨૦૦૯,તા.૨૯/૬/૨૦૧૦,તા.૨૨/૬/૨૦૧૧,તા.૮/૧૧/૨૦૧૧અને તા.૭/૭/૨૦૧૪ ઠરાવ ક્રમાંકઃ- મભય/૧૩૨૦૦૫/૫૧૮/આર,

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૪/૦૫/૧૫ના પત્ર ક્રમાંકઃમભય/અમલ/વશી/૫૬૨/૩૯૦૫-૦૬ અને તા.૮/૬/૧૫ના પત્ર ક્રમાંકઃમભય/અમલ/વશી/૧૨૩૯/૫૦૨૧-૨૩ ,

**ઠરાવ –**

૧/ ઉપરના વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક-(૧)ના ઠરાવથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંચાલિત પૂર્વ વિસ્તારની ૪૦૮ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન સ્ત્રી શક્તિ સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા )ને એક વર્ષ માટે સોપવામાં આવેલ હતું. કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના સંદર્ભ -(૨)ના પત્રથી પ્રસ્તુત બાબતે તા.૮/૬/૨૦૧૫ થી વધુ ત્રણ વર્ષસુધી લંબાવવાની દરખાસ્ત કરેલ,જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંચાલિત પૂર્વ વિસ્તારની ૪૧૨ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન સ્ત્રી શક્તિ સંસ્થાને (સ્વૈચ્છિક સંસ્થા )ને તા.૮/૬/૨૦૧૫ થી વધુ છ માસ માટે એટલે કે તા.૦૭/૧૨/૧૫ સુધી લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૫/૨૦૦૬ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યામાં ૫ % વધારો થાય તે માટે કમીશ્નરશ્રી,મ્યુનીસિપલ કોર્પોરેશન અને સ્ત્રી શક્તિ સંસ્થા,અમદાવાદ દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) લાભાર્થીઓની દરેક ત્રણ માસમાં તેમની ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માર્સ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.

(૪) કમી.મ.ભો.યો.એ આ સંસ્થાની કામગીરી બાબતે દર બે મહિને આકસ્મિક તપાસ કરાવીને તેનો અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.

(૫) છ માસ માટેની મુદત પૂર્ણ થયા બાદ પુનઃ સમીક્ષા કરીને કામગીરીમાં થયેલ સુધારો ધ્યાનમાં લઇ આખરી નિર્ણય લેવાનો રહેશે..

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૦૬/૦૭/૨૦૧૫ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.
-- ચેરમેનશ્રી, " સ્ત્રી શક્તિ "સંસ્થા,પ્લોટ નં.૧૯૧/૨,આંબાવાડીયા,રાણીપુર ચર્ચની પાછળ,કલ્પના ફેબ્રીકેશન સામે, પોસ્ટ-શાહવાડી,નારોલ,અમદાવાદ-૩૮૨૪૦૫.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
--મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અમદાવાદ.
-- નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મ.ભો.યો.), અમદાવાદ.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.